*B0-004-2131015*

# BO-004-2131015 Seat No. ________

## B. Ed. (Sem. I) Examination
### March – 2021
## Chilhood & Growing Up : CC-01
## (New Course)

### Faculty Code : 004
### Subject Code : 2131015

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**1** નીચે આપેલા 40 બહુવિકલ્પી પ્રશ્નો પૈકી કોઈ પણ 20ના ઉત્તર આપવા (પ્રત્યેકનો 1.5 માર્ક) : **30**

(1) શૈક્ષણિક મનોવિજ્ઞાનના પિતા તરીકે કોણ ઓળખાય છે ?

(અ) સ્કીનર (બ) ફ્રોબેલ

(ક) પેસ્ટેલોઝી (ડ) ક્રો એન્ડ ક્રો

(2) વિકાસની કુલ કેટલી અવસ્થાઓ જોવા મળે છે ?

(અ) સાત (બ) છ

(ક) પાંચ (ડ) ચાર

(3) વિકાસાત્મક કાર્યોની યાદી કોણે આપી છે ?

(અ) સ્કીનર (બ) હેવિંગ હર્સ્ટ

(ક) પાવલોવ (ડ) કોહલર

(4) કારક અભિસંધાનનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(અ) પાવલોવ (બ) સ્કીનર

(ક) કોહલર (ડ) ક્રો એન્ડ ક્રો

(5) અધ્યેતા સંબંધી પરિબળમાં કોનો સમાવેશ થાય છે ?

(અ) ઉંમર (બ) જાતિ

(ક) બુદ્ધિ (ડ) આપેલ તમામ

(6) અધ્યયન-સંક્રમણના કેટલા પ્રકાર છે ?

(અ) ચાર (બ) ત્રણ

(ક) બે (ડ) પાંચ

(7) સ્મૃતિની પ્રક્રિયામાં કોનો સમાવેશ થાય છે ?

(અ) અધ્યયન (બ) પરખ

(ક) ધારણ (ડ) આપેલ તમામ

(8) બુદ્ધિ એ અમૂર્ત ખ્યાલો વિશે વિચારવાની શક્તિ છે – આ વ્યાખ્યા કોણે આપી છે ?

(અ) ટર્મન (બ) થોર્નડાઈક

(ક) બિનેટ (ડ) હેનમોન

(9) બહુ અવયવી સિદ્ધાંત કોણે આપેલ છે ?

(અ) થર્સ્ટન (બ) સ્પિયરમેન

(ક) ગિલ્ફર્ડ (ડ) સ્કીનર

(10) ગિલ્ફર્ડના મતાનુસાર બુદ્ધિ કેટલી માનસિક શક્તિઓ ધરાવે છે ?

(અ) 180 (બ) 190

(ક) 170 (ડ) 160

(11) બુદ્ધિઆંકનું સૂત્ર જણાવો.

(અ) $\frac{\text{સામયિક વય}}{\text{માનસિક વય}} \times 100$ (બ) $\frac{\text{માનસિક વય}}{\text{સામયિક વય}} \times 100$

(ક) $\frac{\text{સામયિક વય}}{\text{માનસિક વય}} + 100$ (ડ) $\frac{\text{માનસિક વય}}{\text{સામયિક વય}} + 100$

(12) જ્યારે વ્યક્તિ કોઈ વ્યક્તિ, સંસ્થા કે વિચાર સાથે એકાત્મભાવ અનુભવે તેને શું કહેવાય ?

(અ) ક્ષતિપૂર્તિ (બ) ઉર્ધ્વીકરણ

(ક) તાદાત્મ્ય (ડ) દિવાસ્વપ્ન

(13) 'Persona' શબ્દ કઈ ભાષામાંથી ઊતરી આવ્યો છે ?

(અ) જર્મન (બ) લેટિન

(ક) ગ્રીક (ડ) ફ્રાંસ

(14) પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતાનો બુદ્ધિઆંક કેટલો હોય છે ?

(અ) 120 (બ) 110

(ક) 140 (ડ) 80

(15) કપિલમુનિએ વ્યક્તિત્વનો કયો પ્રકાર આપેલ છે ?

(અ) સત્ત્વગુણી (બ) રજોગુણી

(ક) તમોગુણી (ડ) આપેલ તમામ

(16) મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંત કોણે આપેલો છે ?

(અ) મેસ્લો (બ) શેલ્ડન

(ક) ફ્રોઈડ (ડ) રોજર્સ

(17) 'જિજ્ઞાસાવૃત્તિ' કયાં બાળકોનું લક્ષણ છે ?

(અ) શારીરિક વિકલાંગ (બ) સર્જનશીલ

(ક) ક્ષતિયુક્ત (ડ) જડ

(18) વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે પ્રવર્તતી અસમાનતા એ સાર્વત્રિક ઘટના છે - આ વ્યાખ્યા કોણે આપી છે ?

(અ) ઓલપોર્ટ (બ) સ્કીનર

(ક) રોજર્સ (ડ) ટાયલર

(19) વ્યક્તિગત તફાવતના પ્રાકરમાં કોનો સમાવેશ થાય છે ?

(અ) અભિરુચિ ભિન્નતા (બ) શારીરિક ભિન્નતા

(ક) માનસિક ભિન્નતા (ડ) આપેલ તમામ

(20) સામાજિક વિકાસની કક્ષા જાણવાની પ્રયુક્તિને શું કહે છે ?

(અ) અવલોકન (બ) મુલાકાત

(ક) સામાજિકતામિતિ (ડ) એક પણ નહિ

(21) શૈક્ષણિક મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં કોનો સમાવેશ થાય છે ?

(અ) અધ્યેતા

(બ) અધ્યયન-પ્રક્રિયા

(ક) અધ્યયનને અસર કરતાં પરિબળો

(ડ) આપેલ તમામ

(22) કલ્પનાશીલતા કઈ અવસ્થામાં જોવા મળે છે ?

(અ) શૈશવ (બ) યુવાવસ્થા

(ક) તરુણાવસ્થા (ડ) કુમારાવસ્થા

(23) 'વર્તનમાં પ્રગતિશીલ અનુકૂલન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા એટલે અધ્યયન' - આ વ્યાખ્યા કોણે આપી છે ?

(અ) ગેટ્સ (બ) સ્કીનર

(ક) ક્રો એન્ડ ક્રો (ડ) વુડવર્થ

(24) પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(અ) સ્કીનર (બ) પાવલોવ

(ક) થોર્નડાઇક (ડ) કોહલર

(25) થોર્નડાઈકે અધ્યયનના કેટલા નિયમો આપ્યા છે ?

(અ) ત્રણ (બ) ચાર

(ક) પાંચ (ડ) છ

(26) વિષયવસ્તુ સંબંધી પરિબળમાં કોનો સમાવેશ થાય છે ?

(અ) અનુબંધ (બ) અર્થમયતા

(ક) લંબાઈ (ડ) આપેલ તમામ

(27) સારી સ્મૃતિના લક્ષણમાં કોનો સમાવેશ થાય છે ?

(અ) ધારણનો લાંબો સમય (બ) ઝડપી પ્રત્યાયન

(ક) ચોકસાઈવાળું (ડ) આપેલ તમામ

(28) સ્પિયરમેને બુદ્ધિના કેટલા ઘટકો આપ્યા છે ?

(અ) બે (બ) ત્રણ

(ક) ચાર (ડ) પાંચ

(29) એમેરિકામાં લશ્કર માટે કઈ કસોટી તૈયાર કરવામાં આવી હતી ?

(અ) AGCT (બ) AGVP

(ક) AVGP (ડ) ACTG

(30) ક્રિયાત્મક બુદ્ધિમાપન કસોટી કોણે આપેલી છે ?

(અ) વેક્સલર (બ) ડૉ. લીલાબેન પટેલ

(ક) ડૉ. પિનાશેઠ (ડ) ડૉ. મૂળશંકર

(31) ખાટી દ્રાક્ષ - કંઈ બચાવપ્રયુક્તિનું ઉદાહરણ છે ?

(અ) યૌક્તિકીકરણ (બ) તાદાત્મ્ય

(ક) ક્ષતિપૂર્તિ (ડ) ઉર્ધ્વીકરણ

(32) પોતાનામાંજ રસ લેનાર અધ્યેતા કયા પ્રકારનું વ્યક્તિત્વ ધરાવે છે ?

(અ) બહિર્મુખી (બ) અંતર્મુખી

(ક) (અ) અને (બ) બન્ને (ડ) એક પણ નહિ

(33) વ્યક્તિત્વનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(અ) મેસ્લો (બ) શેલ્ડન

(ક) ફ્રોઈડ (ડ) કાર્લ રોજર્સ

(34) શારીરિક વિકલાંગમાં શેનો સમાવેશ થાય છે ?

(અ) ઇંદ્રિયોની વિકલાંગતા (બ) સ્નાયવિક વિકલાંગતા

(ક) વાણીની વિકલાંગતા (ડ) આપેલ તમામ

(35) સમસ્યારૂપ બાળકોમાં કોનો સમાવેશ થાય છે ?

(અ) ચોરી કરવાવાળા (બ) જૂઠું બોલવાવાળા

(ક) ગુસ્સો કરવાવાળા (ડ) આપેલ તમામ

(36) માનસિક સ્વાસ્થ્ય એ વાસ્તવિકતાની ભૂમિકા પર વાતાવરણ સાથેનું પર્યાપ્ત અનુકૂલન છે' - આ વ્યાખ્યા કોણે આપી છે ?

(અ) કુપ્પુસ્વામી (બ) લેડેલ

(ક) ગુડ (ડ) હેડફીલ્ડ

(37) માનસિક સ્વાસ્થ્ય ધરાવતી વ્યક્તિ કયાં લક્ષણો ધરાવે છે ?

(અ) આત્મસન્માન (બ) સમયસૂચકતા

(ક) કર્તવ્યનિષ્ઠા (ડ) આપેલ તમામ

(38) મહર્ષિ અરવિંદના મતે માનસિક સ્વાસ્થ્યમાં શેનો સમાવેશ થાય છે ?

(અ) મહત્ત્વાકાંક્ષા (બ) મનોનિગ્રહ

(ક) સમર્પણ (ડ) આપેલ તમામ

(39) વસ્તુનિષ્ઠ પદ્ધતિમાં શેનો સમાવેશ થાય છે ?

(અ) નિરીક્ષણ (બ) ક્રમમાપદંડ

(ક) (અ) અને (બ) બંને (ડ) એક પણ નહિ

(40) TATનું પૂરું નામ આપો.

(અ) Thematic Appereception Test

(બ) Test Americal Thematic

(ક) Thematic Applied Test

(ડ) Thematic American Test

**2** નીચે આપેલા 16 પ્રશ્નો પૈકી કોઈ પણ 8ના ઉત્તર આપવા : **40**

(1) સામાજિકતામિતિ એટલે શું ? તેનો તમે વર્ગખંડમાં કેવી રીતે ઉપયોગ કરશો ? સામાજિકતામિતિની ઉપયોગિતા જણાવો.

(2) તરુણાવસ્થાની શારીરિક, માનસિક, સાંવેગિક અને સામાજિક જરૂરિયાતો જણાવો.

(3) શાસ્ત્રીય અભિસંધાન એટલે શું ? પાવલોવનો શાસ્ત્રીય અભિસંધાનનો પ્રયોગ વર્ણવો.

(4) વિષયવસ્તુ સંબંધી પરિબળો જણાવી, અધ્યયન પર તેમની અસરો વિગતે ચર્ચો.

(5) અધ્યયન-સંક્રમણ એટલે શું ? અધ્યયન-સંક્રમણના વિવિધ પ્રકારો સમજાવો.

(6) પ્રેરણાનો અર્થ આપી, પ્રેરણાનું સ્વરૂપ સમજાવો.

(7) સ્મૃતિની પ્રક્રિયા વિશે સવિસ્તર સમજ આપો.

(8) બુદ્ધિમાપનની ઉપયોગિતા સમજાવો.

(9) મનોવૈજ્ઞાનિક કસોટી એટલે શું ? તેના પ્રકારો કયા-કયા છે ?

(10) તરુણોનું માનસિક સ્વાસ્થ્ય જાળવવાના ઉપાયો જણાવો.

(11) બચાવ પ્રયુક્તિ એટલે શું ? બે અગત્યની બચાવપ્રયુક્તિ જણાવો.

(12) કાર્લ રોજર્સના વ્યક્તિત્વના સ્વ-ઓળખના સિદ્ધાંતની નીચેના મુદ્દાઓને અનુલક્ષીને સવિસ્તર ચર્ચા કરો :

(1) વ્યક્તિત્વની સંકલ્પના

(2) વ્યક્તિત્વની ગત્યાત્મકતા

(3) વ્યક્તિત્વનો વિકાસ.

(13) સમસ્યારૂપ બાળકોના પ્રકારની સવિસ્તર ચર્ચા કરો.

(14) વલણમાપદંડની સંકલ્પના અને સામાન્ય પરિચય આપો.

(15) ભારતીય તરુણની સમસ્યાઓ સમજાવો.

(16) વ્યક્તિત્વનો અર્થ આપી, તેના પ્રકારોની ચર્ચા કરો.